**Date: 18/09/ 2012**

## Distribution of goodies to kids

બી.વી. પટેલ કોલેજ ના વિધાર્થીઓ બાળકો ના ચેહેરા પર હંમેશા હાસ્ય જોવા તત્પર રહે છે. આ કોલેજ ના વિધાર્થીઓ દ્વારા કણાઈ શાળાના તમામ બાળકો ના આનંદપ્રમોદ માટે આ ગણેશ વિસર્જન પહેલા રમકડા અને ફળો ની ભેટ આપવામાં આવી હતી. બાળકો ના શારીરિક તેમજ માનસિક વીકાસ માટે ફળો નું સેવન કરવું જરૂરી હોવાથી તેમને સફરજનની ભેટઆપવામાં આવી હતી.



જ્યારે કોલેજ ના વિધાર્થીઓદ્વારાકણઈ શાળાનાબાળકોને આ રમકડા અને ફળો ની ભેટ આપાઈ રહી હતી, ત્યારે આ ભેટો મેળવવાની ખુશી તેમના માસુમ ચેહરા ઉપર અંકિત થઈ ગઈ હતી અને સમગ્ર શાળાનું વાતાવરણ આનંદમય અને બાળકોના નિર્દોષ ખિલખિલાટ થી ભરાઈ ગયુ હતું. આ ખુશી માં વધારો કરવા માટે બાળકો ની પ્રીય એવી ચોકલેટ મેળવાત જ બાળકો નાચવા અને કુદવા માંડ્યા હતા. આ જોઈ કોલેજ ના વિધાર્થીઓ પણ ખુબ જ ખુશ થયા હતા અને જીવનમાં આપવાથી અને વહેચ્વાથી મળતા અંતર નો આનંદ પણ માળ્યો હતો.

